સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

લેટે લાભમાં લલ્લૂભાઈ, તંબૂ બંધાઈ જાય છે,
કરોડોની ખાયકીનો ખીચડો રંધાઈ જાય છે!
સંધાઈ જાય છે ફાટ તપાસની ફેવિકોલથી -
પારદર્શી તંત્રનો ભ્રષ્ટાચાર ગંધાઈ જાય છે...
(૧૦૯ કરોડની ખાયકીના તંબૂ તગાયા)

હાઈકુ

ઉછેર દંભ!
શહેનશાહી ઓઢી
રહે તંબૂમાં!!

ભજવાય છે -
નાટક ગરીબીનાં -
રાજમહેલે...

ચિંતન

ઉપાર્જિતાનાં વિત્તાનાં ત્યાગ: એવ હિ રક્ષણં ।
તડાગોદર સંસ્થાનાં પરિવાહ ઈવામ્બસામ્ ॥

ઉપરોક્ત શ્લોક વિવેકચૂડામણિ ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

કમાયેલા ધનનો સદ્‌પયોગ એને સત્કાર્ય કરવામાં વાપરવામાં જ છે. અને એની એજ સાચી સુરક્ષા પણ છે. તળાવ જે પરેપૂરું ભરાઈ ગયું હોય અને એ સાચવવું હોય તો એમાં ભરેલાં પાણીને દરવાજા ખોલી નાખી પાણી કાઢી નાખવાથી જે જેમ તળાવ ડેમની સુરક્ષા કરવામાં આવે છે એ જ પ્રમાણે નાણાંનો પણ ત્યાગ કરવો જરૂરી છે. (સારા માર્ગે)

માણસ પણ ધન-સમૃદ્ધિથી છલોછલ થાય ત્યારે અભિમાન અને અપલક્ષણથી તુટું તૂટું થાય છે. આવી ભયની ક્ષણ ન આવે એટલે નાણાંને પણ દાન-ધાર્મિક કાર્યો રૂપી નિકાસના દરવાજા ખોલી નાખવા જરૂરી છે. ધનનું સત્કાર્યોમાં દાન કીર્તિ અને પુણ્ય રુપે સચવાઈ રહે છે. નાણાં લુંટાઈ જાય બેન્કો ઉઠી જાય. પણ ત્યાગ-દાન-પુણ્ય એ એક જ ધન સાચવવાનો માર્ગ છે.

સુવિચાર

- જે માણસ પેટ ખાલી થયા પછી જ ખાય છે તેને તંદુરસ્તી ગોતતી આવે છે ને જે હદ ઉપરાંત ખાય છે તેને બીમારી ગોતતી આવે છે - **તિરુવલ્લુવર**
- ફક્ત જ્ઞાનીને માટે જિંદગી એક ઉત્સવ છે - **એમર્સન**
- કોઈના કર્મનો ન્યાય તમે જાતે તોળશો નહીં, તમે જે ત્રાજવે તોળશો તે જ ત્રાજવે તમે પણ તોળશો. તમે જે માપે આવશો તે જ માપથી તમને અપાશે - **ઈશુ ખ્રિસ્ત**
- જ્ઞાનનો અગ્નિ પ્રજ્વલિત થતાં જ કર્મ ભસ્મ થઈ જાય છે - **ગોરખનાથ**
- દયા કરવી એ આપણી ફરજ માત્ર નહીં પણ આપણો આનંદ છે, કારણ કે આપણી તંદુરસ્તી પર પણ દયા અસર કરે છે - **બુદ્ધ**
- જે બુદ્ધિપૂર્વક કામ કરતો નથી એ અંધશ્રદ્ધાળુ છે, જે બુદ્ધિ ચલાવી જ નથી શકતો તે મૂર્ખ છે, અને જે બુદ્ધ ચલાવતાં ડરે છે તે ગુલામ છે - **બ્રાંચ રીકી**
- આજનું ઔષધ : ૧ ચમચી મધ, ૧ ચમચી લીંબુનો રસ અને પા ચમચી તજનો પાઉડર ખીલ ઉપર લગાવવાથી ખીલ મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક પ્રખ્યાત જયોતિષ હતા. તેમની ભવિષ્યવાણી લગભગ સાચી પડતી. એમની પણ ઈર્ષા કરવા વાળા ગ્રામજનો હતા. એમને ખોટા પાડવાની બે માણસો એ યોજના બનાવી. એક મિત્રએ શાલ ઓઢી એની અંદર એક જીવતું કબૂતર પકડ્યું હતું. યોજના એવી કરી કે બીજા મિત્રએ જયોતિષને પૂછ્યું કે આ માણસ પાસે જે કબૂતર છે તે જીવતું છે કે મરેલું ? જયોતિષ જો જવાબમાં કહે કે જીવતું છે તો પેલા મિત્ર કબૂતરનું ગળું દબાવી બહાર કાઢે અને બતાવે છે કે જુઓ મરી ગયું છે. તમારી ભવિષ્યવાણી ખોટી. જો જયોતિષ કહે મરી ગયું છે તો શાલમાંથી બહાર કાઢી કબૂતર ઉડાડી દેવું અને કહેવું કે તમારી ભવિષ્ય વાણી ખોટી છે. બંનેએ ખૂબ ચાલાકી ભરી યોજના તૈયાર કરી હતી. બંને પહોંચ્યા જયોતિષ પાસે અને પૂછ્યું, 'બતાવો, મહારાજ. આ મિત્રની શાલમાં જે કબૂતર છે તે જીવતું છે કે મરેલું ?' જયોતિષે અદ્‌ભૂત જવાબ આપ્યો, 'ભાઈ, તે જીવતું છે કે મરેલું તે તારા હાથમાં છે કારણ કે તું મારવા ઈચ્છીશ, તો તે મરી જશે. ને જો તું એને જીવતું રાખવા માગીશ તો તે જીવી જશે. કારણ કે તું કર્યા બનવામાં માંગે છે.' આજ રીતે સફળતાની ચાવી પણ માત્ર આપણા જ હાથમાં હોય છે.

કર્ણાટક સરકારનો હિન્દુત્વ એજન્ડા

તંત્રીસ્થાનેથી...

ગાયને દેશની બહુસંખ્યક હિંદુ પ્રજા માતા તરીકે પૂજતી હોવા છતાં એ કતલખાને કપાતી રહે એ આપણી લોકશાહીની વિડંબના છે. પહેલાં સ્વાતંત્ર્ય સંગ્રામની શરૂઆત જ આ મુદ્દા પર થઈ હતી. અઢારસો સત્તાવનનો વિપ્લવના મૂળમાં - હિંદુ અને મુસલમાન સૈનિકો એક સાથે બ્રિટિશ હકૂમત સામે થયા ત્યારે, રાઈફલ અને બંદૂકોની કારતૂસો પર ગાય અને સુવરની ચરબી લગાડાતી હોવાની અફવા જ ઉશ્કેરણીનું કારણ બની હતી. ગાય હિંદુઓ માટે માતા છે, એના શરીરમાં તેત્રીસ કરોડ દેવતાઓ વસતા હોવાની શ્રદ્ધા સાથે એ યુગોથી પૂજાતી રહી છે. એની આંખોમાં નરી કરુણા હોય છે અને એનું દૂધ સર્વગુણસંપન્ન છે. સુવર ગંદુ પ્રાણી હોઈ ઈસ્લામ એને 'હરામ' ગણે છે. આ બે બાબતોએ બ્રિટિશ રાજના હિંદુસ્તાની સૈનિકોને સરકાર સામે હથિયાર ઉપાડવા મજબૂર કર્યા હતા. એ જુદી વાત છે કે સિંધિયા જેવા રજવાડાંની ચસમપોશીથી વિપ્લવ નિષ્ફળ ગયો હતો. પરંતુ એથી ગાયનો મહિમા ઓછો નહોતો થયો. મહર્ષિ દયાનંદ સરસ્વતીએ ગાયનું આગવું અર્થશાસ્ત્ર સમજાવવા રાણી વિકટોરિયાને મળવાનું વિચારેલું, પણ એમને અંગ્રેજી નહીં આવડતું હોઈ એ મંશા અધૂરી રહેવા પામી હતી. ટિળક અને ગાંધીજીથી લઈ વિનોબા સુધીના મહાપુરુષોએ ગૌહત્યા બંધ કરાવવા પોતપોતાની રીતે પ્રયાસો કર્યા હતા, છતાં બિન હિંદુ પ્રજા એની શેહમાં નહોતી આવી. આખરે આ જ મુદ્દો જનસંઘ અને વિશ્વહિન્દુ પરિષદ જેવા રાષ્ટ્રીય સેવકસંઘનાં પ્રતિષ્ઠાનોએ ઉપાડ્યો જે ભારતીય જનતા પાર્ટીના શાસનકાળમાં એક યા બીજી રીતે ચૂંટણી જીતવાનું અમોઘ શસ્ત્ર બની રહેલ છે. કર્ણાટકની બી.એસ. યેદુરપ્પા સરકારે વિપક્ષને અંધારામાં રાખીને એકાએક ગૌહત્યા વિરોધી બિલ દાખલ કરી દીધું અને કોઈ પમ જાતની ચર્ચા વગર પસાર કરી દીધું એથી કર્ણાટક કોંગ્રેસના લાચાર નેતા સિદ્ધરમૈયા ભડક્યા છે. એમણે આ પ્રકારના વ્યવહારને સરકારની નામર્દાઈ ગણાવી છે. એ સાચું કે લોકશાહીમાં કોઈ પણ ખરડો ચર્ચા માટે મુકાવો જોઈએ. યેદુરપ્પા ખેલાડી છે. એમને આ બિલ ઉતાવળે અને કોંગ્રેસની કે જેડીએસની જાણ બહાર જ દાખલ કરી દઈ પસાર કરી દેવાથી હિંદુ પ્રજામાં હીરો થઈ જવાની તક ઝડપી લેવી હશે. કોંગ્રેસ એમની જાળમાં બરોબર ફસાઈ ગઈ છે. સિદ્ધરમૈયાનાં ઉગ્ર નિવેદનોથી કોંગ્રેસને ઊલટાનું હિંદુ વોટબેન્કમાં નુકશાન જ થવાનું છે, છતાં તેઓ ધર્મવિશેષને ખુશ કરવા પોતાની વાણી પર અંકુશ રાખી શક્યા નથી. ગાય અને ગૌવંશ સહિત તેર વર્ષની વય સુધીના ભેંસ-પાડાને પણ અ બિલથી સંરક્ષણ પ્રાપ્ત થશે. આ મુદ્દે રાજયોની યાદીનો હોવાથી કેન્દ્રના હાથ બંધાયેલા છે. પરંતુ ભારતીય જનતા પાર્ટીએ એના શાસન હેઠળની રાજય સરકારો દ્વારા ગૌસંવર્ધનના મુદ્દાને જીવતો રાખી હિંદુઓ પ્રત્યે વફાદારી દાખવવાનો પ્રયાસ કર્યો છે. આ પ્રકારનું બિલ મહારાષ્ટ્ર સરકારે પણ ભાજપ-શિવસેનાના શાસનકાળમાં પસાર કર્યું હતું. પશ્ચિમ બંગાળ અને તમિલનાડુ, તેલંગાણા કે કેરળ જેવાં રાજયોમાં એ પસાર કરવું જ શક્ય જ નથી. યેદુરપ્પાની ચાલ ભારતીય જનતા પાર્ટીનાં કેન્દ્રીય નેતાઓ જરૂર વખાણશે પરંતુ આ બિલ જ લોકશાહી ઢભે વિપક્ષને વિશ્વાસમાં લઈ પસાર કરાઈ શક્યું હોત તો એથી ભાજપની પ્રતિષ્ઠા ઓછી ન જ થઈ હોત.

માળેશ્રીને કાંઠે

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

સંસ્કારી નગરી ભાવનગરને પૂર્વ સીમાડે નદી માળેશ્રી વહે. ભાવનગરની જાણે કે ઓળખ. આ નગરના રાજવી માત્ર પ્રજાવત્સલ જ ન હતા; પરંતુ સાહિત્યિક વિદ્યાકીય પ્રવૃત્તિઓને પ્રોત્સાહન પુરું પાડતા. અહીં એનાં ત્રણ ઉદાહરણો પ્રસ્તુત છે.

(૧) શ્રી રમણલાલ કનૈયાલાલ યાજ્ઞિકનો જન્મ ઈ.સ. ૧૯૮૫માં થયો. ૨૭ વર્ષની વયે એમણે શામળદાસ કૉલેજમાં અંગ્રેજીના અધ્યાપક તરીકે કારકિર્દી શરૂ કરી. વિદ્યાર્થીઓમાં બેહદ લોકપ્રિય. અંગ્રેજી નાટકો અભિનય સાથે ભણાવે. મહારાજા કૃષ્ણકુમારસિંહજી કોઈવાર એમના વર્ગોમાં હાજરી આપવા આવે. ભાવનગરના રાજાએ પોતાના ખર્ચે પ્રા. જ્ઞાયિકને પીએચ.ડી.ના અભ્યાસ માટે ઈંગ્લેન્ડ મોકલ્યા. અહીં એમણે ઈન્ડિયન થિયેટર ઉપર મહાનિબંધ તૈયાર કર્યો. એમના માર્ગદર્શન એલર ડાઈસ નિકોલ હતા. નિકોલ પ્રસિદ્ધ નાટ્ય વિવેચક હતા. ઈ.સ. ૧૯૩૧માં પ્રા. યાજ્ઞિકને પીએચ.ડી.ની પદવી મળી. એમનો મહાનિબંધ એક સાથે ઈંગ્લેન્ડ અને અમેરિકાથી પ્રકાશિત થયો. ઈ.સ. ૧૯૪૦માં રાજકોટ રાજયને ધર્મેન્દ્રસિંહજી કૉલેજના સંચાલન માટે બાહોશ આચાર્યની જરૂર હતી. ભાવનગર રાજયે, એમને વિનંતી કરીને, રાજકોટ રાજયે મોકલ્યા. ડૉ. યાજ્ઞિકના પત્ની વિનોદિની યાજ્ઞિક હતા. એમને પણ ઉચ્ચ અભ્યાસ માટે વગર વ્યાજની લોન આપી. ડૉ. યાજ્ઞિકનું અવસાન ઈ.સ. ૧૯૬૦માં થયું.

(૨) શ્રી પ્રતાપરાય મોહનલાલ મોદીનો જન્મ તા. ઈ.સ. ૧૮૯૮માં થયો. એમના ગુરુ આનંદશંકર ધ્રુવ હતા. એમના કહેવાથી એમને બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં સંસ્કૃતમાં એમ.એ. કર્યું. તરત જ શામળદાસ કૉલેજમાં સંસ્કૃતના અધ્યાપક તરીકે કારકિર્દી શરૂ કરી. ભાવનગર રાજયે એમને પીએચ.ડી. કરવા જર્મની મોકલ્યા. બે વરસની સ્ટડી લિવ આપી. રાજયે મુસાફરીનો અને અન્ય ખર્ચ ભોગવ્યો. ડૉ. ઓટ્ટોશ્રોદરના માર્ગદર્શનમાં એમણે સંશોધન કર્યું. કીલ યુનિવર્સિટીએ અત્યુત્તમ સંશોધન તરીકે જાહેરાત કરી. ઈ.સ. ૧૯૨૩થી ૧૯૪૮ શામળદાસ કૉલેજમાં અધ્યાપન અને પછીના પાંચ વરસ આચાર્ય રહ્યા. ૧૯૮૬માં એમનું અવસાન થયું.

(૩) શ્રી કૃષ્ણાલાલ જેઠાલાલ શ્રીધરાણીનો જન્મ ઈ.સ. ૧૯૧૧માં થયો. ગુરુદેવ રવીન્દ્રનાથે એમને ઉચ્ચ અભ્યાસ માટે અમેરિકા જવાનો આગ્રહ રાખ્યો. આ માટે એમણે રાજયના દીવાન પ્રભાશંકર પટ્ટણી ઉપર પત્ર લખ્યો. આથી રાજયે શ્રીધરાણીને વિદેસ જવા માટે સ્કોલરશીપ આપી. એમણે ન્યૂયોર્ક યુનિવર્સિટીમાંથી એમ.એ. અને કોલંબિયા યુનિવર્સિટીમાં પીએચ.ડી. કર્યું. પત્રકારત્વ અને સાહિત્ય સર્જન બંનેમાં એકસરખી પ્રસિદ્ધિ મેળવી. એ વખતે સમરસેટ મોમ 'રેજર્સ એજ' લખી રહ્યા હતા, એમને ભારતીય વિષયો ઉપર માર્ગદર્શન આપ્યું. ગુજરાતી અને અંગ્રેજીમાં એમનાં પુસ્તકો પ્રકાશિત થયાં. મહાત્મા ગાંધીજી એ એમને ભાવનગરના ખાદીભંડારમાં પત્ર લખીને મોકલ્યા અને ખાદી આપવા જણાવ્યું. ઈ.સ. ૧૯૬૦માં શ્રીધરાણીનું અવસાન થયું.

(આધારસ્થાન - પ્રજાવત્સલ રાજવી - ગંભીરસિંહ ગોહિલ)

મકરસંક્રાંતિના સમયે સૂર્યના કિરણો કયાં સીધા પડે છે ?

ભારતની ભૂગોળ

ખજાનો
અનિલ પટેલ

૧ દૂધવા નેશનલ પાર્ક કયાં આવેલો છે ?
(અ) ગુજરાત (બ) ઉત્તરપ્રદેશ
(ક) ઓરિસ્સા (ડ) બિહાર

૨ પહાડોના ઢાળ પર સૌથી વધુ કયો પાક લેવાય છે ?
(અ) સેતૂર (બ) શણ
(ક) ચા (ડ) શેરડી

૩ મકર સંક્રાંતિના સમયે સૂર્યના કિરણો કયાં સીધા પડે છે ?
(અ) મકરરેખા (બ) કર્કરેખા
(ક) ભૂમધ્યરેખા (ડ) દિનાંકરેખા

૪ નીચેના વિવિધ રેલવે ક્ષેત્રોમાંથી કયા ક્ષેત્રમાં રેલવેની લંબાઈ સૌથી વધારે છે ?
(અ) મધ્ય રેલવે (બ) પૂર્વી રેલવે
(ક) પૂર્વ રેલવે (ડ) ઉત્તર રેલવે

૫ કયા બંદરનું નામ જવાહરલાલ નહેરુ બંદર રાખેલ છે ?
(અ) કંડલા (બ) દહેજ
(ક) અલંગ (ડ) ન્હાવાશેવા

૬ ગંગા નદીના બે મહત્ત્વના સ્રોત કયા છે?
(અ) ભાગીરથી અને અલકનંદા (બ) ભાગીરથી અને યમુના
(ક) ભાગીરથી અને સરસ્વતી (ડ) અલકનંદા અને ગંડક

૭ ભારતમાં ઉનાળામાં મોસમી પવનો કઈ દિશામાંથી વાય છે ?
(અ) અગ્નિ (બ) ઈશાન
(ક) નૈઋત્ય (ડ) વાયવ્ય

૮ જીપ્સમ (ચિરોડી) સૌથી વધારે જથ્થો કયા રાજયમાં છે?
(અ) ગુજરાત (બ) બિહાર
(ક) કેરળ (ડ) રાજસ્થાન

૯ કયા પ્રકારના કોલસામાં કાર્બનનું પ્રમાણ સૌથી વધારે હોય છે?
(અ) બિટુમિન્સ (બ) લિગ્નાઈટ
(ક) પીટ (ડ) એન્થ્રેસાઈટ

૧૦ આદમનો પુલ નીચેનામાંથી કયાં બે રાજયો વચ્ચે છે?
(અ) ભારત-પાકિસ્તાન (બ) ભારત-બાંગ્લાદેશ
(ક) ભારત-મ્યાનમાર (ડ) ભારત - શ્રીલંકા

૧૧ નીચેનામાંથી કયા રાજયમાં કોફીનું ઉત્પાદન થતું નથી ?
(અ) કર્ણાટક (બ) કેરળ
(ક) આંધ્રપ્રદેશ (ડ) તમિલનાડુ

૧૨ નીચેનામાંથી કયું જોડકું ખોટું છે?
(અ) હૈદરાબાદ - મુસી નદી (બ) દિલ્હી - યમુના નદી
(ક) અયોધ્યા - સરયુ નદી (ડ) પટણા - બ્રહ્મપુત્રા નદી

૧૩ સુંદરી નામનાં વૃક્ષો કયા રાજયમાં સૌથી વધુ જોવા મળે છે?
(અ) પ. બંગાળ (બ) મધ્યપ્રદેશ
(ક) જમ્મુ અને કાશ્મીર (ડ) કેરળ

૧૪ સાંભર ઝીલ કયાં રાજયમાં આવેલ છે?
(અ) ઉત્તરપ્રદેશ (બ) રાજસ્થાન
(ક) આંધ્રપ્રદેશ (ડ) હિમાચલ પ્રદેશ

૧૫ પાલઘાટ કયા રાજયમાં આવેલ છે ?
(અ) કેરળ (બ) સિક્કિમ
(ક) અરુણાચલ પ્રદેશ (ડ) હિમાચલ પ્રદેશ

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ

- ૧૧ ડિસેમ્બર : યુનિસેફ દિવસ
  - હિન્દી સાહિત્યના રાષ્ટ્રકવિ મૈથીલીશરણ ગુપ્તજીનું નિધન (૧૯૬૪)
  - તમિલના મેધાવી ક્રાંતિવીર સુબ્રહ્મ ભારતીનો જન્મદિવસ (૧૮૮૨)
  - માર્કોની એ પ્રથમ રેડિયો સંકેત મોકલ્યો અને સફળ રહ્યો (૧૯૦૧)
  - ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવદાનો જન્મદિવસ (૧૯૩૫)
- ૧૨ ડિસેમ્બર :
  - ટૂંકી વાર્તાના સર્જક ગૌરીશંકર ગોવર્ધનરામ જોષી 'ધૂમકેતુ'નું નિધન (૧૯૬૫)
  - રામાયણ અને ફિલ્મ નિર્માતા રામાનંદ સાગરનું નિધન (૧૯૬૩)
  - દિલ્હીને ભારતની રાજધાની બનાવવામાં આવી (૧૯૬૩)
  - સાહિત્યકાર બંકિમ ચટ્ટોપાધ્યાયની નવલથા 'આનંદમઠ'નું વિમોચન થયું (૧૮૮૨)
- ૧૩ ડિસેમ્બર :
  - શરીરમાં રહેલી રુધિરા ભિષણરણતંત્રની શોધ કરનાર ઈંગ્લેન્ડના વૈજ્ઞાનિક ડો. વિલિયમ હાર્વેનું નિધન (૧૬૫૧)
  - ગુજરાતી ભાષામાં ચરિત્ર પ્રથમ ગુજરાતી સામયિક શરુ કરનાર હાજી મહમદ અલ્લારખિયા શિવજીનો જન્મદિવસ (૧૮૭૮)
  - ભૂલાભાઈ દેસાઈની જન્મજયંતિ (૧૮૭૭)
  - ત્રાસવાદી સંગઠન લશ્કર એ તૌયબાએ ભારતીય સંસદ પર હુમલો કર્યો (૨૦૦૨)
- ૧૪ ડિસેમ્બર :
  - સાહિત્યકાર પુષ્પરાજ જોષીનો જન્મદિવસ (૧૯૩૮)
  - મોગલ બાદશાહ બાબરનો જન્મદિવસ (૧૪૮૩)
  - ફિલ્મ નિર્માતા શ્યામ બેનેગલનો જન્મદિવસ (૧૯૩૪)
  - સાહિત્યકાર ઉપેન્દ્ર 'અશ્ક' નો જન્મદિવસ (૧૯૧૦)
- ૧૫ ડિસેમ્બર :
  - લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલનું નિધન (૧૯૫૦)
  - ફ્રાન્સે પ્રથમ વિશ્વયુદ્ધમાં જર્મનીને હરાવ્યું (૧૯૧૬)
  - મીકી માઉસ જેવી કાર્ટુન ફિલ્મોના સર્જક અને ઓસ્કાર એવોર્ડ વિજેતા વોલ્ટ ડિઝનીનું નિધન (૧૯૬૬)
  - ઈરાવતી કર્વેનો જન્મદિવસ (૧૯૦૫)
- ૧૬ ડિસેમ્બર : બાંગ્લાદેશ મુક્તિ દિવસ
  - ફ્રેન્ચ સાહિત્યના સફળ નાટ્યકાર અને નિબંધકાર સમરસેટ મોમનું નિધન (૧૯૬૫)
  - દક્ષિણ આફ્રિકાનો સ્થાપના દિવસ (૧૮૮૦)
  - હૈદરાબાદ ખાતે આવેલા સાલાર જંગ મ્યુઝિયમનો સ્થાપના દિવસ (૧૯૫૧)
  - આલ્બર્ટ આઈન્સ્ટાઈનને સાપેક્ષવાદનો સિદ્ધાંત રજૂ કર્યો (૧૯૧૫)
- ૧૭ ડિસેમ્બર :
  - ફિલ્મ અભિનેતા સુરેશ ઓબેરોયનો જન્મદિવસ (૧૯૪૬)
  - બ્રિટીશ વૈજ્ઞાનિક હમ્ફ્રી ડેવિડ જેણે અભય દિવાની શોધ કરી તેમનો જન્મદિવસ (૧૯૫૭)
  - અમેરિકાએ પોતાની પહેલી બેલેસ્ટીક મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું (૧૯૫૭)
  - લાભુબહેન મહેતાનો જન્મદિવસ (૧૯૧૫)

ગયા સપ્તાહના સવાલનો જવાબ

તાજેતરમાં ભાજપના ચૂંટાયેલા રાજયસભાના સદસ્યનું અવસાન થયું?
જવાબ : અભય ભારદ્વાજ

સાચા જવાબ આપનાર પત્રમિત્રો

(૧) નટુભાઈ દરજી : પેથાપુર (૨) ઋજિત રાવલ : સે-૭ડી (૩) જયેન્દ્રપ્રસાદ પાઠક : સે-૬બી (૪) મહેશભાઈ એમ જાદવ : ગૂ. વિદ્યાપીઠ (૫) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૬) મૂળજીભાઈ પરમાર : સે-૭

આ સપ્તાહનો સવાલ

હરિયાણામાં ખટ્ટર સરકાર કઈ પાર્ટીના સમર્થન સાથે સત્તામાં છે?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

ચટપટું...અને ચટપટી

હળવે હૈયે
પ્રકાશ લાલા

હા, હા... એ જ, એ.. જ આ બે, શબ્દો વાંચતા ને સાંભળતાંવેંત મને ને તમને જે યાદ આવી જાય છે તે 'ખાવાનું' અને 'વાતો'નાં વિશેષણો છે આ બે શબ્દો.

ચટપટું ખાવાનું અને ચટપટી વાતો - પરાપૂર્વથી, બાપદાદાના જમાનાથી માનવજાતને આ ગમતાં આવ્યાં છે. કદાચ સર્જનહારે માનવ-શરીરમાં બીજા અંગો સાથે જીભ-રસના- જિહ્વા મૂકી હશે. તે સમયે જ ચટપટા - સ્વાદિષ્ઠ - મસાલેદાર સ્વાદનો ચટકો-શોખ પર મૂકી દીધો હશે. તેથી તો ચટપટું ભોજન જોઈએ આપણી 'જીભ લબકારા લેવા' લાગે છે... ને 'દાઢોમાં દીવા બળવા માંડે છે' ને!!' લોકોના ચટપટા ભોજનના - સ્વાદના શોખના પરિણામે જ હોટેલ્સ, રેસ્ટોરેન્ટ્સ, ફૂડ જોઈન્ટ્સ, ઢાબા ધમધોકાર ધંધો કરે છે, એમાં 'મેનુ' દિન-પ્રતિદિન અવનવી વાનગીઓના ઉમેરા સાથે લાંબા થતાં જાય છે તે કાંઈ અમથું ? અરે, જીભના ચટકા - ચટાકાના લીધે તો દાબેલી, પાણી પુરી, ચોળાફળી, દાળવડા વગેરેની લારીઓ પર ભીડ જોવા મળે છે... (કોરોના ઈફેક્ટમાં પણ!)

બહેનો ઘરમાં મસાલેદાર - ચટપટાં વ્યંજનો બનાવી - જમાડીને પરિવારજનોના દિલ જીતી લઈ, સફળ ગૃહિણી તરીકે, 'માય વાઈફ ઈઝ બેસ્ટ' તથા 'માય મોમ ઈઝ બેસ્ટ' જેવી પ્રશંસા પ્રાપ્ત કરે છે.... તે 'ચટપટા' ભોજનનો જ પ્રતાપ ને?

ટી.વી. ઉપરના 'રસોઈ શૉ'ને 'માસ્ટર શેફ' કાર્યક્રમોનાં મૂળમાં પણ આપણી ચટપટું ખાવાની (રસ) વૃત્તિ જ રહેલી છે.

ચટપટું ખાવામાં અને ચટપટી વાતોમાં સૌને ઈન્ટરેસ્ટ હોય છે જ... નેવું ટકા નિખાલસતાથી એનો એકરાર કરતા હોય છે... બાકીના દસ ટકા, 'ના, ના.... અમને એમાં જરાય રુચિ નથી' કે 'અમે તો સિમ્પલ લિવિંગને હાઈ થિંકીંગમાં માનીએ છીએ.'

'દંભ કરતા હશે... ડાયતિંગ કે ડાયાબિટીસ, કોલેસ્ટોરોલ વગેરેની બિમારીના કારણે' 'મજબૂરી કા નામ મહાત્મા ગાંધી' માફક ચટપટું નહીં ખાઈ શકનારાના મનમાં તો આવા ભોજન-આવી વાનગીઓ માટે ઝંખના ચોક્કસ હોય જ છે... એમને કયારેક થોડું ચટપટું ખાઈ લેવાની તક ચોરીછૂટીથી (શ્રીમતીજી - સંતાનોને ડૉકટરની નજરોથી સ્તો!!) ઝડપી લેતા હોવાનું સૌએ જોયું જ છે ને!

જેમ ચટપટા ખાના ખજાનાના કારણે ખાણીપીણીનો વ્યવસાય વિકસ્યો છે. એમ જ ચટપટી - સેન્શેસનલ વાતો - ખબરો જાણવાનું ય લોકોને ગમતું હોવાથી કેટલીય ટીવી ચેલન્સ, મેગેઝીન્સ, અખબારો ફૂલ્યાં ફાલ્યાં છે.

જેમ ચટપટું ભોજન તૈયાર કરનાર અને મોજતી લિજ્જતથી - આંગળાં ચાટી ચાટીને એને આરોગનાર એમ બે પક્ષ છે ચટપટી વાતોના કેસમ્ પણ આવી વાતો કરનારા - ખબરો ફેલાવનારા તથા તેને કાન દઈને - ધ્યાન દઈને, રસપૂર્વક સાંભળનાર એમ બે પાર્ટી હોય છે. આમાં બંને પક્ષના રસ સંતોષના હોવાથી 'તુમ ભી ખુશ, હમ ભી ખુશ' ની 'વીન-વીન' રિચ્યુએશન જળવાઈ રહે છે - 'પ્રભુ દાંત આપે છે તો સામે ચાવણું ય આપે છે'ની માફક!!

ચટપટીનો 'મસાલેદાર' અર્થ ઉપારાંત બીજો અર્થ છે તાલાવેલી, આતુરતા, તીવ્ર જિજ્ઞાસા. આ અર્થમાં કહીએ તો બધાને ચટપટું ખાવાની ચટપટી અને ચટાપટી વાતો સાંભળવા - જાણવાની ચટપટી હોય છે.

અલગ-અલગ વ્યક્તિમાં અલગ અલગ વાતની ચટપટી - તાલાવેલી જોવા મળતી હોવાનું તમે નોંધ્યું જ હશે. કોઈને ઊઠતાંવેંત ચા માટેની ચટપટી થતી હોય છે તો કોઈકને બીજું બધું પછી પહેલાં 'ન્યૂઝ પેપર' ની ચટપટી ચટકતી હોય છે. આજના મોબાઈલ યુગમાં પથારી છોડતાં પહેલાં વોટ્સએપ ગ્રુપમાં 'ગુડ મોર્નિંગ' કરી દેવાની કે 'સ્ટેટ્સ' અપડેટ કરવાની ચટપટી વાળી વ્યક્તિઓની નવાઈ નહીં. અમારા પાડોશીને પોતે વહેલાં ઊઠી પેપર વાંચી લીધું હોય તેના સમાચાર અમને પાડોશીઓને સંભળાવી દેવાની ગજબની ચટપટી છે.... જેવા અમે સવારમાં ઓટલો ડોકાયા નથી કે 'સાંભળ્યું? સેકટર-૨ ૧માં દસ તાળાં તૂટ્યાં' કે 'કરોડના કૌભાંડમાં ફલાણા અધિકારી ઝડપાયા' એમ મોટેથી ન્યૂઝ બૂલેટિન બહાર પાડી દે... આ એમની ચટપટી એમને પેપરના પૈસા ખરચ્યાનો અને વહેલા વહેલા પેપર પઢી લેવાનો જોરદાર સંતોષ આપતો હશે. કેટલાંકને 'સાવ' ખાનગી છે... તમને એકલાં ને જ કહું છું... કોઈને કહેશો નહીં, હોં...! કહીં કંઈક કહી દેવાની ચટપટી થતી રહેતી હોય છે.. પછી ભળે, બીજાં દસને આમ જ કહીને એ 'ખાનગી' વાત 'જાહેર' કરી દીધી હોય... ને મજાની વાત તો એ કે જેને આમ ખાનગી વાત કહી હોય એનેય બિચારાને એ વાત કયારે બીજાને કહી દઉં'ની મનોમન ચટપટી થતી હોય છે ને એ કહ્યા પછી જ 'હાશ' થાય છે!! કોઈને બે વ્યક્તિને લડાવી મારવાની ચટપટી થતી રહેલી હોય છે... તો કોઈકને જે હાજર ન હોય તેની ખોદણી કરવાની કે પછી કોઈને ના પૂછવા જેવા અંગત સવાલો પૂછી પૂછીને 'ખોતરકામ' કરવાની ચટપટી હોય છે...

ખરે, આનો અંત નથી કેમ કે, જેટલી વ્યક્તિઓ એટલી એમની થતી ચટપટી ચટપટીઓ.... માટે હવે 'ચટપટું' 'ચટપટી' વિશે લખી નારવાની અમારી વાત ચટપટીને બ્રેક મારું છું!!